અપીલ અરજી નં.૨૪૨ તા.૩–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૧૫–૯–૦૯ ની અરજીથી ટ્રાફિક વિભાગને લગતી મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૨/૨૦૦૯–૧૦

શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૧૫–૯–૦૯ ની અરજીથી ટ્રાફિક વિભાગને લગતી મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલના પત્ર નં. ટ્રાફિક સેલ /આ. ૧૪૧૬ તા.૧૨–૧૦–૦૯ થી આપેલ માહિતી માંગેલ મુદ્દાઓનો ઉડાઉ જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૧ તા.૧૧–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ) તથા અરજદારને મુદ્દા નં.૧૪ અંગે કોઈ આધાર હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૧–૧૧–૦૯ તથા તા.૧૪–૧૧–૦૯ ના ગુજરાતમિત્ર દૈનિકપત્રમાં સીટી બસના વિદ્યાર્થીઓના પાસ બાબતે પ્રસિધ્ધ થયેલા સમાચારના પેપર કટીંગ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૫–૯–૦૯ ની અરજીથી નીચેના મુદ્દા નં.૧ થી ૧૫ હેઠળ માહિતી માંગવામાં આવેલ છે. જેની માહિતી ટ્રાફીક સેલ આ.નં.૧૪૧૬ તા.૧૨–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર ટ્રાફીકસેલ અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય મર્યાદામાં આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) સુરત શહેરી વિસ્તારમાં ઓગષ્ટ ૨૦૦૭ થી બસ સેવા શરૂ કરવામાં આવેલ. હાલમાં કેટલી બસો અને કેટલા રૂટો ઉપર ચાલે છે? તેવી માંગણી કરવામાં આવેલ. જેના સંદર્ભે હાલ ૪૧ રૂટ પર ૧૧૧ બસો થકી બસ સેવા ચાલી રહી છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) મહાનગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ રૂટો પૈકી કેટલા રૂટો ઉપર બસો ચાલે છે તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે સૂચવેલ તમામ રૂટ પર બસ સેવા ચાલુ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) મહાનગરપાલિકા ધ્વારા નિર્ધારિત કરેલ ફીકવન્સી મુજબ ચાલે છે કે કેમ? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે સૂચવેલ ફ્રીકવન્સી મુજબ બસ સેવા ચાલે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) જો તેમ ન ચાલતી હોય તો શું પગલા લેવામાં આવેલ છે ? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે સૂચવેલ ફ્રીકવન્સી મુજબ બસ સેવા ચાલતી હોય કોઈ પગલા લેવાની જરૂર જણાતી નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારે મુદ્દા નં.૩ અને ૪ બાબતે બસો ફ્રીકવન્સી મુજબ નથી ચાલતી સબંધિત ખાતાએ પણ ઈજારાદારને સદર બાબતે ઘણી વાર જાણ કરી છે તેમ છતાં આવો ખોટો જવાબ આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્ધારિત ફ્રીકવન્સી સામે ચાલતી બસોનું ફ્રીકવન્સીનું પત્રક તથા જરૂરી પુરાવા આપવામાં આવેલ નોટીસો અને પત્રોની નકલો અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી માંગેલ છે. મુદ્દા નં.(૫) સદરહુ કામગીરી કયા જુની. ઈજનેર સંભાળે છે તેનું નામ અને કાર્યકાળનો સમય? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે સદર કામગીરી જુની. ઈજનેર શ્રી મુકેશ પટેલ એપ્રિલ ૨૦૦૮ થી સંભાળે છે. મુદ્દા નં.(૬) બસ સંચાલકો ધ્વારા દરરોજ ડેઈલી રીપોર્ટ રજૂ કરવામાં આવેલ છે તે ખરા છે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે સદર કામે ડેઈલી રીપોર્ટ રજૂ કરવામાં આવે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૭) જુની. ઈજનેર ધ્વારા રોજ કેટલા રૂટો ચેક કરવામાં આવે છે? તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના સંદર્ભે આ કામ અંગે આકસ્મિક ચકાસણી કરવામાં આવે છે જે બાબતે અરજદારે ઉડાઉ જવાબ આપવામાં આવેલ છે. અને આકસ્મિક ચકાસણી કરવામાં આવે છે પરંતુ કયારે કેટલા સમયના અંતરે કેટલા રૂટ પર મહીનામાં રૂટ વાઈઝ કેટલીવાર એ બાબતેની રીપોર્ટ વિગેરે માહિતી બાબતે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પૂરક વિગતો માંગેલ છે. મુદ્દા નં.(૮) તેની ચકાસણી કર્યાની તમામ વિગત સહી સિકકા સહિત એટલે કે દરરોજની ચકાસણી કર્યાના વિગતના રજીસ્ટરોની સહી સિકકા સહિતનો ઉતારો આપવા વિનંતી.તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે આવી ચકાસણી અંગે રજીસ્ટર નિભાવવાની પ્રથા રાખેલ નથી. જે બાબતે અરજદારે અપીલ તબકકે મનપા પ્રથા નહીં પણ નિયમોથી ચાલે છે અને જો આકસ્મિક ચકાસણી થાય છે એવું જણાવવામાં આવે છે તો તેવી વિગત હોય તો રેકર્ડ કરવામાં આવતી હશે અને જો તેમ જ થતું હોય તો ચકાસણી થતી નથી. તેવી વિગત અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક ઉપસ્થિત કરેલ છે. જે તકરાર નિવારણને સ્પર્શતી જણાય છે. મુદ્દા નં.(૯) તેઓ પાસે અન્ય કોઈ કામ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે તેના સંદર્ભે ખાતાકીય કામગીરી તેઓ ઉપરી અધિકારીના સૂચવ્યા મુજબ કરેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અપીલમાં અરજદારે કોઈ આધાર રજૂ કરેલ નથી. મુદ્દા નં(૧૦) જો તેઓ તરફથી ઉપર મુજબના રૂટોનું (દરરોજની રથી ૩ રૂટોની) ચકાસણી કરવામાં ન આવતી હોય તો પ્રજાના નાણાનો શું કામ વ્યય કરવામાં આવે છે? અને તે જુની. ઈજનેર પ્રતિ પગલા ભરવામાં ન આવેલ હોય તો કયા કારણસર. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે આવો કોઈ વ્યય થયાનું જણાતું નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે પૂર્તતા થવા જણાવેલ છે. મુદ્દા નં. (૧૧) આજ દિન સુધી જે બસો રૂટો ઉપર રકોઈ કારણસર ચલાવવામાં આવતી નથી તે અન્વયે કેટલી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે એવી કોઈ વિગતો ધ્યાને આવેલ નથી ધ્યાને આવ્યેથી ટેન્ડરની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જેમાં અરજદારે સદર જવાબ અંગે કોઈ પુરાવા આપવામાં આવેલ નથી જવાબ સાચો હોય તો પુરાવા આપવા વિનંતી. પરંતુ ખોટો છે તેવું જણાવી જાવક રજીસ્ટરમાં દર્શાવેલ નંબરો સાથે ઈજારાદારને પાડવવામાં આવેલ પત્રો અને નોટીસો સહી સિકકાવાળી નકલની માંગણી કરેલ છે જે અરજદારે જે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી માંગણી કરેલ છે. મુદ્દા નં.(૧૨) બસનું સમય સારણી બહાર પાડવામાં આવેલ છે? અને તે સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ છે? બસ સ્ટેન્ડો પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તર પાઠવેલ છે કે હા, ટેન્ડરની જોગવાઈ મુજબ કામગીરી થાય છે. જે બાબતે અરજદારે ટેન્ડરની જોગવાઈ મુજબ કામગીરી થાય છે તેની સ્પષ્ટતા તથા તેને લગતા દસ્તાવેજી પુરાવાની માંગણી કરેલ છે. જે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી માંગેલ છે. મુદ્દા નં.(૧૩) આ બધી કાર્યવાહી જુની. ઈજનેરે કરવાની રહે છે? તો તેઓએ સંકલનમાં રહી બરાબર કરેલ છે? જો ના હોય તો તેમની સામે શું પગલા લેવામાં આવેલ છે? તેવી માહિતી માંગવામાં આવેલ છે. જે સંદર્ભે જુની. ઈજનેરે કરવાની કામગીરી વહીવટી બાબત હોય સૂચવ્યા મુજબ કામગીરી કરે છે. મુદ્દા નં.(૧૪) વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પાસ નથી મળતા તેવા જાહેર પત્રોમાં વાંચવામાં આવેલ.? તે સાચી માહિતી છે? તો જુની. ઈજનેર તરફથી તે બાબતે શું કરવામાં આવેલ? નોટીસ આપવામાં આવેલ છે? ત્યાર બાદ શું કાર્યવાહી કરી? શું ત્યાર બાદ કાર્યવાહી કરવાની તેમની જવાબદારી નથી. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે ટેન્ડરની જોગવાઈ મુજબ વિદ્યાર્થી પાસ ફાળવવાની કામગીરી બસ સંચાલકે કરવાની રહે છે આ અંગે ફરીયાદ/રજૂઆત થાય તો તે જરૂર પગલા લેવામાં આવે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં

અરજદારે ઉડાઉ જવાબ છે તેવું જણાવી ટેન્ડર મુજબની જોગવાઈનો અમલ સુરત મહાનગરપાલિકાએ કરવાનો રહે છે. ઈજારાદાર એમ ન કરે તો તેમની સમક્ષ પગલા ભરવાના રહે છે.વર્તમાનપત્રોમાં આવેલ સમાચારો વિદ્યાર્થીઓને પાસ મળતા નથી તેમ છતાં તેની સામે આપેલ જવાબ શું યોગ્ય છે ખરો? યોગ્ય જવાબની તમામ પુરાવાની સહી સિકકાવાળી નકલો પૂરી પાડવી અને સદર બાબતે ઈજારાદારને આપવામાં આવેલ નોટીસ/પત્રની જાવક રજીસ્ટરમાં રજીસ્ટર ક્રમ સહિતની માહિતી પૂરી પાડવાની માંગણી કરેલ છે. જે અંગે આધાર તરીકે તા.૧૧–૧૧–૦૯ તથા તા.૧૪–૧૧–૦૯ ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ સમાચારના કટીંગ રજૂ કરેલ છે. જેમાં પાસ નહીં કાઢી આપવા ફરીયાદ બાબતે નહીં પરંતુ પાસની કિંમતની રાહત બાબતેની રજૂઆત કરેલ છે. જે નીતિ વિષયક નિર્ણયને લગતી બાબત જણાય છે. અરજદારે જવાબની તમામ પુરાવા અને ઈજારાદારને આપવામાં આવેલ નોટીસ/પત્રની જાવક રજીસ્ટરમાં રજીસ્ટર ક્રમ સહિતની માહિતી જે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૧૫) સાંસ્કૃતિક સમિતિએ અગાઉ કિલ્લાનું મેદાન ખાલી રાખવાનો ઠરાવ કર્યો હતો? તો કયા ઠરાવથી કિલ્લાના મેદાનમાં બસ મુકવામાં આવે છે.તેવી માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે કિલ્લાના મેદાનમાં બસ મુકવામાં આવતી નથી આવી વિગત ધ્યાને આવ્યેથી તાત્કાલીક નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જેમાં અરજદારે હાસ્યપ્રદ જવાબ ગણાવી ઠરાવ બાબતે કોઈ જવાબ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે તથા નિયત ફોર્મમાં જવાબ મળેલ નથી સાચી અને સંપૂર્ણ માહિતી ન આપી ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરનાર માહિતી અધિકારી પણ દંડાત્મક કાર્યવાહીની રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

જયારે કલમ–૨૦ હેઠળ દંડાત્મક કાર્યવાહીની સત્તા નામદાર માહિતી આયોગ ગુજરાતને છે. તેમ છતાં બંને પક્ષે રજૂ થયેલ વિગતો જોતાં મુદ્દા નં.૬ ડેઈલી રીપોર્ટ ખરા છે? મુદ્દા નં.૭ કેટલા રૂટ ચેક કરવામાં આવે છે? તથા મુદ્દા નં.૧૩ તેમજ ૧૫ ના પૂર્વાધની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી વિગતે અપાયેલ જણાતી નથી. અરજદાર બાકીના મુદ્દાઓ અંગે અપીલ તબકકે માંગણી કરેલ પૂરક વિગતો મૂળ અરજીથી અલાયદી હોઈ અપીલનું કારણ તે માટે ઉત્પન્ન થાય નહીં. મુદ્દા નં.૮ અંગે દફતર નિભાવતા નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટ જણાવેલ છે. તેથી ઉપલબ્ધ માહિતી નહીં હોઈ આપવા પાત્ર રહે નહીં.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે મુદ્દા નં.૬,૭,૧૩ તથા ૧૫ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ)ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઉભા કરેલ પૂરક પ્રશ્નો અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીકસેલ)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી